સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

WEEK 07 (13/02/22 to 19/02/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઈતિહાસ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક

ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**13 FEB-2022**

- દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિવસ (World Radio Day) ..... 02
- બજાજ ઓટોના પૂર્વ ચેરમેન શ્રી રાહુલ બજાજનું નિધન ..... 02
- મહારાજા સૂરજમલ જન્મજયંતિ ..... 03
- QUESTION ANSWERS ..... 04

**14 FEB-2022**

- દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ ..... 05
- શ્રી ફ્રેન્ક-વોલ્ટર સ્ટેઈનમેયર જર્મનીના રાષ્ટ્રપતિ તરીકે ફરી ચૂંટાયા ..... 05
- ગુજરાતની નવી બાયોટેક્નોલોજી પોલિસી (2022-27) ..... 05
- QUESTION ANSWERS ..... 07

**15 FEB-2022**

- ISRO એ PSLV-C52 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ ..... 08
- લાસા તાવ (Lassa Fever) ..... 10
- QUESTION ANSWERS ..... 11

**16 FEB-2022**

- Democracy Index-2021માં ભારત 46માં ક્રમે ..... 12
- દેવિકા નદી પ્રોજેક્ટ : જમ્મુ-કાશ્મીર ..... 13
- ભારતીય ઉદ્યોગપતિઓને વિઝા વિના માલદીવમાં પ્રવેશ ..... 13
- QUESTION ANSWERS ..... 14

**17 FEB-2022**

- પ્રસિદ્ધ સંગીતકાર શ્રી બપ્પી લહેરીનું નિધન ..... 15
- નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (New India Literacy Program) ..... 16
- PhonePe અને નીતિ આયોગ 'Fintech Open Hackathon' લોન્ચ કરશે ..... 17
- QUESTION ANSWERS ..... 18

**18 FEB-2022**

- તુર્કીનું નામ બદલીને 'તુર્કિયે' કરવામાં આવ્યું ..... 19
- આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના ..... 19
- પ્રથમ રાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા સંયોજક (NMSC) : શ્રી જી. અશોક કુમાર ..... 20
- ગાંધીનગરમાં 'DefExpo 2022' યોજાશે ..... 21
- QUESTION ANSWERS ..... 22

**19 FEB-2022**

- દિવસ મહિમા : 19 ફેબ્રુઆરી, Soil Health Card Day ..... 23
- બિહારમાં 15 ફેબ્રુઆરીને શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવશે ..... 23
- નેપાળ ભારતનું UPI પ્લેટફોર્મ અપનાવનાર પ્રથમ દેશ ..... 24
- QUESTION ANSWERS ..... 25

**ONE LINER** ..... 26

**QUESTION OF THIS WEEK** ..... 30


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિવસ (World Radio Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 13 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ રેડિયો દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.


- UNESCOની 36મી જનરલ કોન્ફરન્સમાં 3 નવેમ્બર, 2011ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ માટેનો પ્રસ્તાવ સ્પેન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2021ની 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ **'Radio and Trust'** છે.

## બજાજ ઓટોના પૂર્વ ચેરમેન શ્રી રાહુલ બજાજનું નિધન

ભારતના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને બજાજ ઓટોના પૂર્વ ચેરમેન શ્રી રાહુલ બજાજનું તાજેતરમાં 83 વર્ષની વયે નિધન થયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### શ્રી રાહુલ બજાજ




શ્રી રાહુલ બજાજનો જન્મ 10 જૂન, 1938ના રોજ કોલકાતા ખાતે થયો હતો.

- તેમણે સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી અને હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો.
- તેઓ વર્ષ 1965માં બજાજ ગ્રુપમાં જોડાયા હતા.
- તેમણે 50 વર્ષ સુધી બજાજ ગ્રુપના ચેરમેન તરીકે સેવા આપી હતી.
- નોંધનીય છે કે તેઓ ભારતીય સ્વતંત્રતા સેનાની શ્રી જમનાલાલ બજાજના પૌત્ર હતા.
- વર્ષ 2001માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મ ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત તેઓ વર્ષ 2006 થી 2010 સુધી રાજ્યસભાના સભ્ય પણ હતા.

# મહારાજા સૂરજમલ જન્મજયંતિ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાજા સૂરજમલને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.

## મહારાજા સૂરજમલ



મહારાજા સૂરજમલનો જન્મ 13 ફેબ્રુઆરી, 1707ના રોજ ભરતપુર (રાજસ્થાન) ખાતે થયો હતો.

- શ્રી સૂરજમલે 18મી સદીમાં શાસન કર્યુ હતું. તેઓ જાટ સરદાર શ્રી બદનસિંહના પુત્ર હતા.
- તેઓ એક નેતા, મહાન સેનાની, એક મહાન રાજદ્વારી અને તેમના સમયના મહાન રાજનેતા હતા.
- તેમની રાજકીય સમજ, સ્થિર બુદ્ધિ અને સ્પષ્ટ દૃષ્ટિકોણને કારણે આધુનિક લેખકો દ્વારા તેમનું વર્ણન 'જાટ લોકોના પ્લેટો' અને 'જાટ ઓડીસિયસ' તરીકે કરવામાં આવ્યું છે.
- તેમણે અનેક સમુદાયોને એક કર્યા અને તેમની વચ્ચે એકતા સ્થાપી હતી.
- તેમણે કોઈપણ સમુદાય કે જાતિને ધ્યાનમાં લીધા વિના અન્ય ધર્મોના રાજાઓ દ્વારા બાંધવામાં આવેલા ઐતિહાસિક સ્મારકોની દેખરેખ રાખી અને લોકોને તેમની યોગ્યતા અનુસાર ઉચ્ચ હોદ્દા પર નિયુક્ત કર્યા હતા.
- તેઓ માનતા હતા કે 'માનવતા એ જ માણસનો ધર્મ' છે.
- મહારાજા સૂરજમલે 'એક રાષ્ટ્ર તરીકે ભારત'ની કલ્પના કરી હતી અને રાષ્ટ્રીય એકતા સ્થાપિત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યુ હતું.
- તેઓ ખેડૂતોને સમાજનો સૌથી મહત્વપૂર્ણ વર્ગ માનતા હતા અને તેમનું ખૂબ સન્માન કરતા હતા.
- તેમણે વ્યક્તિગત રીતે ખેડૂતોની સમસ્યાઓ સાંભળી અને ઉકેલ માટે સુધારાની શરૂઆત કરી હતી.
- જયપુર રજવાડાના મહારાજા શ્રી જયસિંહ સાથે તેમના સારા સંબંધો હતા.
- મહારાજ સૂરજમલે અભેધ લોહાગઢ કિલ્લો બનાવ્યો હતો. જેમાં અંગ્રેજોએ 13 વખત હુમલો કર્યા પછી પણ ઘૂસી શકયા ન હતા.
- આ દેશનો એકમાત્ર એવો કિલ્લો છે જે હંમેશા અભેધ રહ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ રેડિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ફેબ્રુઆરી (B) 12 ફેબ્રુઆરી

(C) 13 ફેબ્રુઆરી (D) 14 ફેબ્રુઆરી (C)

2. વર્ષ 2021ની 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ શું છે ?

(A) Radio and Sports (B) Radio and Diversity

(C) Radio and You (D) Radio and Trust (D)

3. તાજેતરમાં શ્રી રાહુલ બજાજનું નિધન થયું છે. તેઓ નીચેના પૈકી કોના ચેરમેન હતા ?

(A) બજાજ ઓટો (B) બજાજ માર્ટ

(C) બજાજ સ્ટીલ (D) ઉપરોક્ત તમામ (A)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાજા સૂરજમલની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી હતી. મહારાજ સૂરજમલનો જન્મ નીચેના પૈકી કયા સ્થળે થયો હતો ?

(A) ભરતપુર (B) પ્રયાગરાજ

(C) લોહગઢ (D) રાજગઢ (A)

5. નીચેના પૈકી કયા રાજાએ 18મી સદીમાં લોહાગઢનો કિલ્લો બનાવ્યો હતો. જેમાં અંગ્રેજાએ 13 વખત હુમલો કર્યા પછી પણ ઘૂસી શકયા ન હતા ?

(A) શ્રી જવાહરસિંહ (B) શ્રી બદનસિંહ

(C) શ્રી રણજીતસિંહ (D) શ્રી સૂરજમલ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ

ભારતમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ના વિકલ્પ તરીકે 'માતૃપિતૃ પૂજન દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસે ગુજરાત સહિત ભારતના કેટલાક રાજ્યોની સ્કૂલોમાં સ્કૂલના બાળકો દ્વારા તેમના માતા–પિતાની પૂજા કરવામાં આવે છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2007થી થયો હતો.

નોંધ : (1) વિશ્વમાં અનેક દેશોમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) સંત વેલેન્ટાઈન્સની યાદમાં ઉજવાતા આ દિવસને 'સંત વેલેન્ટાઈન્સ ડે' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## શ્રી ફ્રેન્ક-વોલ્ટર સ્ટેઈનમેયર જર્મનીના રાષ્ટ્રપતિ તરીકે ફરી ચૂંટાયા



13 ફેબ્રુઆરી, 2022ના રોજ એક વિશેષ સંસદીય સભાએ પાંચ વર્ષની બીજી મુદ્દત માટે શ્રી ફ્રેન્ક–વોલ્ટર સ્ટેઈનમેયરને જર્મનીના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટ્યા છે.

- રાષ્ટ્રપતિ તરીકેના તેમના બીજા કાર્યકાળ માટે મોટાભાગના રાજકીય પક્ષો દ્વારા ટેકો મળ્યો હતો.
- નોંધનીય છે કે તેઓ વર્ષ 2017માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા.
- વર્ષ 2017માં રાષ્ટ્રપતિ બન્યા તે પહેલા તેમણે જર્મનીના વાઈસ ચાન્સેલર અને વિદેશ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- જર્મન રાષ્ટ્રપતિ સતત બે પાંચ વર્ષની મુદ્દત માટે ચૂંટાઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતની નવી બાયોટેક્નોલોજી પોલિસી (2022-27)

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ તથા વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં ગુજરાતની નવી બાયોટેક્નોલોજી પોલિસીની જાહેરાત અમદાવાદના સાયન્સ સીટી ખાતેથી કરી હતી.

- આ નવી બાયોટેક્નોલોજી પોલિસી આગામી પાંચ વર્ષ એટલે કે 2022 થી 2027 સુધી અમલમાં રહેશે.
- બાયોટેક્નોલોજી ક્ષેત્રે ઝડપી વૃધ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા સાથે આ નવી પોલિસી જાહેર કરવામાં આવી છે.

## ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી (2022-27)ની કેટલીક મહત્વપૂર્ણ વિશેષતાઓ

ઈનોવેટિવ CAPEX તેમજ OPEX મોડેલથી એકંદર સહાયનો દર અને સહાયની માત્રા એમ બંનેમાં મહત્વપૂર્ણ વધારો કરવામાં આવ્યો છે.

- રૂ. 200 કરોડથી ઓછી મૂડી–રોકાણ વાળા MSME ઉદ્યોગને રૂ. 40 કરોડની મહત્તમ મર્યાદામાં અને રૂ. 200 કરોડથી વધુ મૂડી–રોકાણવાળા મેગા/લાર્જ પ્રોજેક્ટસને, તેમજ ઈકોસિસ્ટમ સશક્તિકરણ, ઈમર્જિંગ ટેક્નોલોજી એન્ડ ચેલેન્જિંગ એરિયા અને સ્ટ્રેટેજિક મહત્વતા ધરાવતા સ્પેશિયલ પ્રોજેક્ટ્સને રૂ. 200 કરોડની મહત્તમ મર્યાદામાં કુલ મુડી ખર્ચના 25% સહાય, કુલ 5 વર્ષમાં 20 ત્રિમાસિક હપ્તાના સ્વરૂપમાં અપાશે.
- રૂ. 200 કરોડથી ઓછી મૂડી–રોકાણ વાળા MSME ઉદ્યોગોને પ્રતિવર્ષ રૂ. 5 કરોડ મહત્તમ મર્યાદામાં અને 200 કરોડથી વધુ મૂડી–રોકાણ વાળા મેગા/લાર્જ પ્રોજેક્ટ્સને, તેમજ ઈકોસિસ્ટમ સશક્તિકરણ જેવા સ્પેશિયલ પ્રોજેક્ટ્સને રૂ. 25 કરોડ પ્રતિવર્ષની મહત્તમ મર્યાદામાં કુલ ઓપરેટિંગ ખર્ચના 15% સહાય આપવામાં આવશે.
- આ સહાયમાં પાવર ટેરિફ, પેટન્ટ સહાય, માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય, લીઝ રેન્ટલ સબસિડી, બેન્ડવિડ્થ લીઝિંગ અને ક્વોલિટી સર્ટિફિકેશન માટેના ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ બાયોટેક્નોલોજી પોલિસીમાં કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવેલી છે. જેમાં :

(A) **રોજગારીને પ્રોત્સાહન :**
એક વર્ષથી વધારે સમય સુધી અરજકર્તા કંપની સાથે જોડાયેલ હોય તેવા પ્રત્યેક સ્થાનિક પુરુષ અને મહિલાને અનુક્રમે રૂ. 50,000 અને રૂ. 60,000ની સહાય અપાશે.

(B) **એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ :**
પ્રત્યેક મહિલા અને પુરુષ કર્મચારી માટે અરજકર્તા કંપનીએ ભરેલ એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઉપર અનુક્રમે 100% અને 75% વળતર.

(C) **ટર્મ લોન ઉપર વ્યાજ સબસિડી :**
રૂ. 100 કરોડ સુધીની ટર્મ લોન ઉપર ભરેલ વ્યાજ સામે વાર્ષિક રૂ. 7 કરોડની ટોચ મર્યાદામાં 7%ના દરે ત્રિમાસિક વળતર. ઉપરાંત રૂ. 100 કરોડથી વધુની ટર્મ લોન ઉપર વાર્ષિક રૂ. 20 કરોડની મહત્તમ મર્યાદામાં ભરેલ વ્યાજ સામે 3%ના દરે ત્રિમાસિક વળતર.

(D) **ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી :** પાંચ વર્ષ માટે ભરેલ ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી પર 100% વળતર.

- આ ઉપરાંત દેશમાં ઉત્પાદન ન થતી હોય તેવી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને આત્મનિર્ભર ભારત વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્યથી સ્ટ્રેટેજીક મહત્ત્વના પ્રોજેક્ટ્સ હેઠળ સમાવેશ કરી ઈકોસિસ્ટમ સશક્તિકરણ તથા મેગા અને લાર્જ પ્રોજેક્ટ્સને મળતા સ્પેશિયલ પેકેજ દ્વારા વધારાની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. ભારતમાં 'માતૃપિતૃ પૂજન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ફેબ્રુઆરી (B) 14 ફેબ્રુઆરી (C) 15 ફેબ્રુઆરી (D) 16 ફેબ્રુઆરી **(B)**

2. શ્રી ફ્રેન્ક–વોલ્ટર સ્ટેઈનમેયર કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાયા છે ?

(A) જર્મની (B) ઈટાલી (C) સ્પેન (D) સુદાન **(A)**

3. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં ગુજરાતની નવી બાયોટેકનોલોજી પોલિસીની કયા સ્થળેથી જાહેરાત કરી હતી ?

(A) સાયન્સ સિટી, અમદાવાદ (B) મહાત્મા મંદિર, ગાંધીનગર

(C) સાયન્સ મ્યુઝિયમ, વડોદરા (D) સાયન્સ મ્યુઝિયમ, સુરત **(A)**

4. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની નવી બાયોટેકનોલોજી પોલિસીની જાહેરાત કરી હતી. તે કયા સમયગાળા માટે અમલમાં રહેશે ?

(A) 2022 થી 2024 (B) 2022 થી 2025 (C) 2022 થી 2026 (D) 2022 થી 2027 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ISRO એ PSLV-C52 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ



ISROએ 14 ફેબ્રુઆરી, 2022ના રોજ વર્ષ 2022નું તેનું પ્રથમ મિશન લોન્ચ કર્યુ હતું.

- પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV-C-52) રોકેટ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ નંબરના લોન્ચ પેડ પરથી આ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- PSLV-C-52 રોકેટ દ્વારા 'અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS-04)' અને અન્ય બે નાના ઉપગ્રહો INSPIREsat-1 અને INS- 2TD સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મુકવામાં આવ્યા હતા.

### EOS- 04



EOS-04 (Earth Observation Satellite)નું વજન 1710 કિલોગ્રામ છે.

- EOS-04 એ રડાર ઈમેજિંગ સેટેલાઈટ (RISAT) છે.
- તેને કૃષિ, વન સંવર્ધન અને વૃક્ષારોપણ, જમીનની ભેજ અને જળ વિજ્ઞાન અને પૂર મેપિંગ જેવી એપ્લિકેશનો માટે દસ વર્ષના મિશન સમયગાળા સાથે તમામ હવામાન પરિસ્થિતિઓમાં ઉચ્ચ ગુણવત્તાની ઈમેજ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.
- તે રિસોર્સસેટ, કાર્ટોસેટ અને RISAT-2B શ્રેણીના ઉપગ્રહોના ડેટાનો પૂરક બનશે, જે પહેલેથી જ ભ્રમણકક્ષામાં છે.
- EOS-4 RISAT-1નું સ્થાન લેશે, જેને વર્ષ 2012માં લોન્ચ કરવામાં આવ્યો હતો, પરંતુ ઘણા વર્ષોથી તે કાર્યરત થયો નથી.

નોંધ : (1) આ ઉપગ્રહોની શ્રેણીનો પ્રથમ ઉપગ્રહ EOS-01 નવેમ્બર 2020માં લોન્ચ કરવામાં આવ્યો હતો અને તે હજુ પણ ભ્રમણ કક્ષામાં છે.


(2) EOS-2 એ SSLV (સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ) નામના નવા લોન્ચ વ્હીકલ પર લોન્ચ કરવામાં આવશે.

(3) જ્યારે EOS-3નું લોન્ચિંગ ઓગસ્ટ, 2021માં નિષ્ફળ ગયું હતું.

(4) અર્થ ઓબઝર્વેશન સેટેલાઈટ અથવા પૃથ્વી અવલોકન ઉપગ્રહો રીમોટ સેન્સિંગથી સજ્જ ઉપગ્રહો છે, જે પૃથ્વીની ભૌતિક, રાસાયણિક અને જૈવિક પ્રણાલીઓ વિશે માહિતી એકત્ર કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INSPIREsat-1



<u>INSPIREsat-1</u> એ ઈન્ટરનેશનલ સેટેલાઈટ પ્રોગ્રામ ઈન રિસર્ચ એન્ડ એજ્યુકેશન (INSPIRE) હેઠળ આયોજિત ઉપગ્રહોના સમૂહનો એક ભાગ છે.

- INSPIREsat-1 ને ભારત, યુ.એસ.એ, તાઈવાન અને સિંગાપોરની યુનિવર્સિટીઓ સહિત આંતરરાષ્ટ્રીય સંશોધકોની ટીમ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.
- જેમાં આ મુજબની યુનિવર્સિટી શામેલ છે :

(1) University of Coloradio's Laboratory for Atmospheric & Space Physics (LASP)

(2) Indian Institute of Space Science and Technology (IIST)

(3) તાઈવાનની National Central University (NCU) અને

(4) સિંગાપોરની Nayang Technological University

## INS-2TD



<u>INS-2TD</u> ઉપગ્રહ <u>ISRO</u> દ્વારા વિકસાવવામાં આવ્યો છે.

- તે <u>ભારત–ભૂટાન</u> સંયુક્ત ઉપગ્રહ (INS-2B)નો પુરોગામી છે.
- બંને દેશોએ ગયા વર્ષે અવકાશ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. જે અંતર્ગત PSLV રોકેટ દ્વારા ભૂટાનસેટ અથવા <u>INS-2B</u> લોન્ચ કરવામાં આવશે.
- INS-2TD ના થર્મલ ઈમેજિંગ કેમેરા પૃથ્વીના અવલોકનો માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જેમ કે જમીન અને પાણીની સપાટીના તાપમાનનો અંદાજો કાઢવો અને જંગલ અને વૃક્ષોના આવરણને ઓળખવા વગેરે.

## લાસા તાવ (Lassa Fever)

તાજેતરમાં બ્રિટનમાં લસા અથવા લાસા તાવથી પીડિત ત્રણ લોકોના મૃત્યુ થયા હતા.

- લાસા તાવના કેસો પશ્ચિમ આફ્રિકન દેશોની મુસાફરી સાથે જોડાયેલા છે.

### લાસા તાવ વિશે

લાસા વાઈરસનું નામ નાઈજીરીયાના એક શહેર પરથી રાખવામાં આવ્યું છે. જ્યાં પ્રથમ કેસ નોંધાયા હતા.

- આ તાવ ઉત્પન્ન કરનાર વાઈરસ સૌથી વધુ પશ્ચિમ આફ્રિકામાં જોવા મળે છે.
- આ તાવનો વાઈરસ સૌપ્રથમ વર્ષ 1969માં નાઈજીરીયાના લાસામાં શોધાયો હતો.
- આ તાવ ઉંદરો દ્વારા ફેલાય છે. જ્યારે વ્યક્તિ ઉંદરો દ્વારા દૂષિત ખોરાકના સંપર્કમાં આવે છે ત્યારે ચેપ લાગી શકે છે.

### તાવના લક્ષણો

સામાન્ય લક્ષણોમાં હળવો તાવ, થાક, નબળાઈ અને માથાના દુખાવાનો સમાવેશ થાય છે.

- ગંભીર લક્ષણોમાં રક્તસ્ત્રાવ, શ્વાસ લેવામાં તકલીફ, ઉલટી, ચહેરા પર સોજો અને પેટમાં દુખાવાનો સમાવેશ થાય છે.
- દર્દી લક્ષણોની શરૂઆતના બે અઠવાડિયામાં મૃત્યુ પામે છે, સામાન્ય રીતે મલ્ટી–ઓર્ગન નિષ્ફળતાના પરિણામે.

નોંધ : (1) આ તાવ મુખ્યત્વે સીએરા લિયોન, લાઈબેરિયા, ગિની અને નાઈજીરીયા સહિતના પશ્ચિમ આફ્રિકાના દેશોમાં જોવા મળે છે.

(2) મેટોમીસ ઉંદરમાં જીવલેણ લાસા વાયરસ ફેલાવવાની ક્ષમતા હોય છે.



**1. ISROએ 14 ફેબ્રુઆરી, 2022ના રોજ વર્ષ 2022નું તેનું કયું પ્રથમ મિશન લોન્ચ કર્યુ હતું ?**

**(A) PSLV- C78 (B) PSLV- C52 (C) GSLV- C78 (D) GSLV- C52** **(B)**

---

**2. તાજેતરમાં ISROએ PSLV- C52 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**1. PSLV- C52 રોકેટ શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ નંબરના લોન્ચ પેડ પરથી આ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું.**

**2. આ PSLV- C52 રોકેટ દ્વારા EOS- 04 સેટેલાઈટ ભ્રમણકક્ષામાં મુકવામાં આવ્યો હતો.**

**3. આ PSLV-C52 રોકેટ દ્વારા બે નાના ઉપગ્રહો INSPIREsat-1 અને INS- 2TDને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મુકવામાં આવ્યા હતા.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3** **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

**3. તાજેતરમાં ISROએ PSLV- C52 રોકેટ દ્વારા INS- 2TD ઉપગ્રહ લોન્ચ કર્યો હતો. આ ઉપગ્રહ ભારત અને બીજા કયા દેશનું સંયુક્ત સાહસ છે ?**

**(A) ભૂટાન (B) બાંગ્લાદેશ (C) માલદીવ (D) જાપાન** **(A)**

---

**4. તાજેતરમાં સમાચારમાં રહેલ લાસા(Lassa) શું છે ?**

**(A) રશિયા અને યુક્રેન વચ્ચેની શાંતિ માટેની સંધિ (B) અમેરિકામાં વિકસાવેલ Covid-19 કિટ**

**(C) NASAના એક ઉપગ્રહનું નામ (D) એક પ્રકારનો તાવ** **(D)**

# Democracy Index-2021માં ભારત 46માં ક્રમે

ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટે તાજેતરમાં 'ડેમોક્રેસી રિપોર્ટ, 2021' બહાર પાડ્યો છે.

- આ રિપોર્ટ 165 દેશોમાં લોકશાહીની સ્થિતિનું વર્ણન કરે છે.
- આ રિપોર્ટ પાંચ પરિણામોના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો.
- તેમાં સરકારની કામગીરી, ચૂંટણી પ્રક્રિયા અને બહુમતીવાદ, રાજકીય ભાગીદારી, નાગરિક સ્વતંત્રતા અને રાજકીય સંસ્કૃતિનો સમાવેશ થાય છે.



- આ ઈન્ડેક્સમાં નોર્વે પ્રથમ ક્રમ પર છે, જેમણે 9.75નો સ્કોર મેળવ્યો છે.
- નોર્વે પછી ન્યુઝીલેન્ડ બીજા સ્થાને છે.
- ત્યારબાદ ફિનલેન્ડ, સ્વીડન અને આઈસલેન્ડ અનુક્રમે ત્રીજા, ચોથા અને પાંચમાં સ્થાને છે.
- આ યાદીમાં ભારત 46માં ક્રમે છે. ભારતનો કુલ સ્કોર 6.91 હતો.
- જ્યારે આ યાદીમાં અંતિમ ક્રમે અફઘાનિસ્તાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Democracy Index 2021 Rank**

| Rank | Country | Overall Score |
|---|---|---|
| 1 | નોર્વે | 9.75 |
| 2 | ન્યુઝીલેન્ડ | 9.37 |
| 3 | ફિનલેન્ડ | 9.27 |
| 4 | સ્વીડન | 9.26 |
| 5 | આઈસલેન્ડ | 9.18 |
| 46 | ભારત | 6.91 |
| 167 | અફઘાનિસ્તાન | 0.32 |

## દેવિકા નદી પ્રોજેક્ટ : જમ્મુ-કાશ્મીર

તાજેતરમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે રૂ. 190 કરોડથી વધુના ખર્ચનો દેવિકા નદી પ્રોજેક્ટ જૂન, 2022 સુધીમાં પૂર્ણ થશે.

### દેવિકા નદી પ્રોજેક્ટ

- નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન (NRCP) હેઠળ માર્ચ 2019માં આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરવામાં આવ્યું હતું.
- પ્રોજેક્ટ હેઠળ દેવિકા નદીના કિનારે સ્નાન ઘાટનો વિકાસ, અતિક્રમણ દૂર કરવા, કુદરતી જળાશયોની પુનઃ સ્થાપના અને સ્મશાનભૂમિ સાથેના કેચમેટ વિસ્તારોનો વિકાસ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટમાં ત્રણ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, 129.27 કિલોમીટર લાંબુ ગટર નેટવર્ક, બે સ્મશાન ઘાટનો વિકાસ, સુરક્ષા ફેન્સિંગ અને લેન્ડસ્કેપિંગ, નાના હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ અને ત્રણ સૌર પ્લાન્ટનો સમાવેશ થાય છે.
- પ્રોજેક્ટ પૂર્ણ થતા નદીઓના પ્રદૂષણમાં ઘટાડો થશે અને પાણીની ગુણવત્તામાં સુધારો થશે.

### દેવિકા નદીનું મહત્વ

દેવિકા નદી જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં આવેલા સુધ (શુધ્ધ) મહાદેવ મંદિરમાંથી નીકળે છે અને પશ્ચિમ પંજાબ (હવે પાકિસ્તાનમાં) તરફ વહે છે જ્યાં તે રાવી નદીને મળે છે.

- નદીનું ધાર્મિક મહત્વ પણ છે. કારણ કે આ નદીને ગંગા નદીની બહેન તરીકે પણ ઓળખાય છે.
- જૂન 2020માં ઉધમપુરમાં દેવિકા પુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ બ્રિજના નિર્માણનો હેતુ ટ્રાફિકની ભીડને પહોંચી વળવા ઉપરાંત સેનાના કાફલા અને વાહનોને સરળ માર્ગ આપવાનો છે.

નોંધ : નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન (NRCP)એ નદીઓમાં પ્રદૂષણને રોકવાના ઉદ્દેશ્ય સાથે વર્ષ 1995માં શરૂ કરવામાં આવેલી કેન્દ્રીય ભંડોળવાળી યોજના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય ઉદ્યોગપતિઓને વિઝા વિના માલદીવમાં પ્રવેશ

માલદીવે તાજેતરમાં ભારતીય ઉદ્યોગપતિઓને વિઝા વિના પ્રવેશવાની મંજૂરી આપવાની જાહેરાત કરી છે.

- માલદીવના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ નિર્ણય આ મહિનાની પહેલી તારીખથી અમલમાં આવ્યો છે.
- માલદીવની મુલાકાત લેતા ભારતીય પ્રવાસીઓને 90 દિવસના સમયગાળા માટે વિઝા વિના વ્યાવસાયિક હેતુઓ માટે પરવાનગી આપવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.
- ભારત અને માલદીવ વચ્ચે 17 ડિસેમ્બર, 2018ના રોજ વિઝા સુવિધા માટેના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે અંતર્ગત આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- વિઝામુક્ત પ્રવેશ શાસન હેઠળ બંને દેશો એકબીજાના નાગરિકોને છ મહિનાની અંદર 90 દિવસના સમયગાળા માટે વિઝા–મુક્ત મુસાફરી કરવાની મંજૂરી આપશે.
- કોઈપણ ભારતીય નાગરિક માન્ય બિઝનેસ વિઝાને કેલેન્ડર વર્ષમાં 180 દિવસ વધારી શકે છે.

1. તાજેતરમાં ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટે 'Democracy Index- 2021' બહાર પાડ્યો છે. જેમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) સ્વિત્ઝર્લેન્ડ (D) આઈસલેન્ડ

(A)

2. તાજેતરમાં ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટે 'Democracy Index- 2021' બહાર પાડ્યો છે. જેમાં બીજા ક્રમે કયો દેશ છે ?

(A) આઈસલેન્ડ (B) ન્યુઝીલેન્ડ (C) સ્વીડન (D) ફિનલેન્ડ

(B)

3. તાજેતરમાં ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટે 'Democracy Index- 2021' બહાર પાડ્યો છે. જેમાં ભારત કયા ક્રમે છે ?

(A) 39માં (B) 41માં (C) 44માં (D) 46માં

(D)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'દેવિકા નદી પ્રોજેક્ટ' કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

(A) પુડુચેરી (B) જમ્મુ–કાશ્મીર (C) ઉત્તરપ્રદેશ (D) ઉત્તરાખંડ

(B)

5. ______ એ તાજેતરમાં ભારતીય ઉદ્યોગપતિઓને વિઝા વિના પ્રવેશવાની મંજૂરી આપવાની જાહેરાત કરી છે.

(A) માલદીવ (B) આઈસલેન્ડ (C) ન્યૂઝીલેન્ડ (D) અમેરિકા

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રસિદ્ધ સંગીતકાર શ્રી બપ્પી લહેરીનું નિધન



બોલિવૂડના પ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર શ્રી બપ્પી લહેરીનું 69 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી બપ્પી લહેરીએ 1980 અને 1990ના દાયકામાં ઘણી ફિલ્મોમાં બ્લોકબસ્ટર ગીતો આપ્યા છે અને એક અલગ ઓળખ બનાવી છે.

### શ્રી બપ્પી લહેરી

શ્રી બપ્પી લહેરીનો જન્મ 27 નવેમ્બર, 1952ના રોજ કોલકાત્તા ખાતે થયો હતો.

- તેઓ એક શ્રીમંત સંગીતકાર સાથે સંબંધ ધરાવે છે.
- તેમના પિતા શ્રી અપરેશ લહેરી એક પ્રસિદ્ધ બંગાળી ગાયક હતા તથા તેમની માતા શ્રીમતી બંસરી લહેરી પણ એક બંગાળી સંગીતકાર હતા.
- તેઓએ માત્ર 3 વર્ષની ઉંમરે તબલા વગાડવાનું શરૂ કર્યુ હતું, શરૂઆતમાં તેમને તેમના માતા–પિતા દ્વારા તાલીમ આપવામાં આવી હતી.
- તેઓ અમેરિકાના પ્રસિદ્ધ સંગીતકાર શ્રી એલ્વિસ પ્રેસ્લીના ચાહક હતા. તેના દ્વારા ઘણી સોનાની ચેન અને સોનાના દાગીના પહેરવાની પ્રેરણા મળી હતી.
- આ ઉપરાંત તેમણે પ્રેસ્લીના હસ્તાક્ષરથી પ્રેરિત 'ગોલ્ડન જવલેરી' લુક બનાવ્યો હતો.
- શ્રી બપ્પી લહેરી સોનાને પોતાના માટે લક્કી માનતા હતા.
- શ્રી બપ્પી લહેરીને માત્ર 19 વર્ષની ઉંમરે બંગાળી ફિલ્મ દાદુમાં ગીત ગાવા માટે તક મળી હતી.
- બોલિવૂડમાં ગીતો ગાવા માટે તેઓ 19 વર્ષની ઉંમરે જ કોલકાતાથી મુંબઈ આવ્યા હતા.
- વર્ષ 1973માં તેમને હિન્દી ફિલ્મ 'નિન્હા શિકાર'માં ગીત ગાવાનો મોકો મળ્યો હતો.
- ત્યારબાદ તેની બોલિવૂડમાં સાચી ઓળખ 1975માં આવેલી ફિલ્મ 'ઝખ્મી'થી મળી હતી. આ ફિલ્મમાં તેઓએ શ્રી મોહમદ રફી અને કિશોર કુમાર જેવા મહાન ગાયકો સાથે ગીત આપ્યા હતા.
- શ્રી બપ્પી લહેરી અને મિથુન ચક્રવતીની જોડી ડાન્સ અને ડિસ્કો મ્યુઝિક માટે પ્રસિદ્ધ હતી.
- તેમણે ભારતીય સંગીત ઉદ્યોગમાં સંશ્લેષિત ડિસ્કો સંગીતના ઉપયોગને લોકપ્રિય બનાવ્યું હતું. આથી તેઓ ડિસ્કો કિંગ તરીકે પણ પ્રસિદ્ધ હતા.
- વર્ષ 1982, 1983, 1985, 1991 અને 2018માં શ્રેષ્ઠ સંગીત નિર્દેશક માટે ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યા હતા.
- વર્ષ 2017માં તેમને પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા બંગા ભૂષણ નાગરિક સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (New India Literacy Program)

તાજેતરમાં સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને 2021-22ની બજેટની જાહેરાતો અનુસાર પ્રૌઢ શિક્ષણના તમામ પાસાઓને આવરી લેવા માટે 2022-27 સમયગાળા માટે 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ'ને મંજૂરી આપી છે.

- તે બજેટ 2021-22ની અનુરૂપ છે, જેમાં પ્રૌઢ શિક્ષણને આવરી લેતા સંસાધનોની એક્સેસ, ઓનલાઈન મોડ્યુલોમાં વિસ્તરણની જાહેરાત કરવામાં આવી હતી.
- 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ'નો અંદાજિત ખર્ચ રૂ. 1037.90 કરોડ છે, જેમાં વર્ષ 2022-27 માટે અનુક્રમે રૂ. 700 કરોડનો કેન્દ્રીય હિસ્સો અને રૂ. 337.90 કરોડનો રાજ્યનો હિસ્સો સામેલ છે.
- દેશમાં હવે પ્રૌઢ શિક્ષણનું નામ બદલીને 'સૌ માટે શિક્ષણ' કરવામાં આવ્યું છે.

### નવ ભારત સાક્ષરતા કાર્યક્રમનો ઉદ્દેશ્ય

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય માત્ર મૂળભૂત સાક્ષરતા અને અંકગણિત શિક્ષણ આપવાનો જ નથી પરંતુ 21મી સદીના નાગરિકો માટે જરૂરી એવા અન્ય ઘટકોનો પણ સમાવેશ કરવાનો છે.

- અન્ય ઘટકો નીચે મુજબ છે :

(a) **મહત્વપૂર્ણ જીવન કૌશલ્ય :**

નાણાકીય સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા, વ્યાપારી કુશળતા, આરોગ્ય સંભાળ અને જાગૃતિ, બાળ સંભાળ અને શિક્ષણ, કુટુંબ કલ્યાણ વગેરે.

(b) **વ્યાવસાયિક કૌશલ્ય વિકાસ :**

સ્થાનિક રોજગાર મેળવવાના દૃષ્ટિકોણથી

(c) **મૂળભૂત શિક્ષણ :**

પ્રાથમિક, મધ્યમ અને માધ્યમિક સ્તરની સમાનતા સહિત.

(d) **સતત શિક્ષણ :**

કલા, વિજ્ઞાન, ટેક્નોલોજી, સંસ્કૃતિ, રમતગમત અને મનોરંજન તેમજ સ્થાનિક શીખનારાઓની રૂચિના અન્ય વિષયો જેવા મહત્વપૂર્ણ જીવન કૌશલ્ય પર વધુ અદ્યતન સામગ્રી સહિત.

નોંધ : (1) આ યોજના સ્વયંસેવકો દ્વારા ઓનલાઈન મોડ દ્વારા લાગુ કરવામાં આવશે.

(2) યોજનાના અમલીકરણ માટે શાળા એકમ હશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PhonePe અને નીતિ આયોગ 'Fintech Open Hackathon' લોન્ચ કરશે

નીતિ આયોગ PhonePeના સહયોગથી (ઓપન ટુ–ઓલ) 'ફિનટેક ઓપન હેકાથોન'નું આયોજન કરશે.

### ફિનટેક ઓપન હેકાથોન

આ હેકાથોન સમગ્ર ભારતમાંથી ઈનોવેટર્સ, ડિજિટલ સર્જકો અને ડેવલોપર્સને આઈડિયા અને કોડ પર વિચાર કરવાની તક પૂરી પાડશે.

- આ ઉપરાંત વિજેતા ટીમોને રૂ. 5 લાખનું આકર્ષક રોકડ ઈનામ આપવામાં આવશે.
- હેકાથોનનો ઉદ્દેશ ફિનટેક ઈકોસિસ્ટમ માટે પાથ–બ્રેકિંગ સોલ્યુશન પ્રદર્શિત કરવાનો છે.

નોંધ : (1) ફિનટેક 21મી સદીમાં ઉભરતા નાણાકીય સેવા ક્ષેત્રનું વર્ણન કરે છે.

(2) મૂળભૂત રીતે તે સ્થાપિત ઉપભોક્તા અને વ્યવસાય, નાણાકીય સંસ્થાઓના બેક–એન્ડ પર આધારિત તકનીકને લાગુ પડે છે.



1. તાજેતરમાં શ્રી બપ્પી લહેરીનું નિધન થયું છે. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?

(A) ઉદ્યોગપતિ (B) ગાયક અને સંગીતકાર

(C) તબીબી (D) નૃત્ય (B)

2. નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (New India Literacy Program) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે બજેટ 2021-22ની અનુરૂપ છે, જેમાં પુખ્ત શિક્ષણને આવરી લેતા સંસાધનોની એક્સેસ, ઓનલાઈન અને ઓનલાઈન મોડ્યુલોમાં વિસ્તરણની જાહેરાત કરવામાં આવી હતી.

(B) નવ ભારત સાક્ષરતા કાર્યક્રમનો અંદાજિત ખર્ચ રૂ. 1037.90 કરોડનો છે.

(C) આ યોજના સ્વયંસેવક દ્વારા ઓનલાઈન મોડ દ્વારા લાગુ કરવામાં આવશે તથા યોજનાના અમલીકરણ માટે શાળા એકમ હશે.

(D) ઉપરોક્ત તમામ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. દેશમાં હવે પ્રૌઢ શિક્ષણનું નામ બદલીને...............કરવામાં આવ્યું છે.

(A) સૌ માટે શિક્ષણ (B) એક જ લક્ષ્ય શિક્ષણ

(C) જીવન માટે શિક્ષણ (D) એકપણ નહીં (A)

4. તાજેતરમાં નીતિ આયોગ કોના સહયોગથી 'Fintech Open Hackathon'નું આયોજન કરશે ?

(A) GooglePay (B) Paytm

(C) PhonePe (D) Amazon Pay (C)

## તુર્કીનું નામ બદલીને 'તુર્કિયે' કરવામાં આવ્યું

તુર્કીના રાષ્ટ્રપતિ શ્રી રેસેપ તૈયપની આગેવાની હેઠળની તુર્કીની સરકારે રાષ્ટ્રનું નામ તુર્કીમાંથી બદલીને 'તુર્કિયે' કરવાનો નિર્ણય લીધો છે.

- આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની ઈમેજ સુધારવા અને દેશના ઈતિહાસને તેના નામ સાથે જોડવાનો છે.
- તુર્કીના રાષ્ટ્રપતિના જણાવ્યા અનુસાર 'તુર્કિયે' નામ દેશની સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે અને રાષ્ટ્રના મૂલ્યોનું શ્રેષ્ઠ રીતે વર્ણન કરે છે.
- રાષ્ટ્ર માટેના આ નામનો ઉપયોગ તમામ આર્થિક પ્રવૃત્તિઓ અને આંતરરાષ્ટ્રીય વાટાઘાટો અને પત્રવ્યવહારમાં કરવામાં આવશે.
- આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય વ્યાપારી પ્રવૃત્તિઓમાં આ નામનો ઉપયોગ તેને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ બનાવવામાં પણ મદદ કરશે.
- નોંધનીય છે કે તુર્કીને 'તુર્કિક ભાષા'માં તુર્કિયે નામથી ઓળખવામાં આવે છે.
- ઘણા સમય પહેલા વસાહતી શાસન દરમિયાન દેશને લેટિનમાં 'તુર્કી' તરીકે હુલામણુ નામ આપ્યું હતું.

## આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નાગરિકો માટે 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના' શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

### યોજના વિશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નાગરિકોને નગરપાલિકાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓ, જેમાં મિલકત વેરો, સામાન્ય પાણી વેરો, વિશેષ પાણી વેરો, લાઈટ ટેક્સ, ગટર વેરો તથા નાગરિકોને ટેક્સ ભરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

- નાગરિકો માટે આ યોજના હેઠળ જે કોઈપણ નાણાકીય વર્ષ **2022-2023** માટે **31 મે** સુધીમાં અગાઉથી ટેક્સની રકમ ચૂકવશે તો તેમને **10%** વળતરનો લાભ આપવામાં આવશે.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયા અભિયાનને વેગ આપવા માટે એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે **31 મે 2022** સુધી મોબાઈલ એપ અથવા ઈ–નગર ઓનલાઈન પોર્ટલ દ્વારા ચૂકવવામાં આવેલા આવા ટેક્સની રકમને **5%** વધારાનું વળતર મળશે.
- એટલે કે જે નાગરિકો ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરે છે તેમને કુલ **15%** વળતરનો લાભ મળશે.
- જે નાગરિકોએ પાછલા વર્ષનો વેરો ભર્યો નથી તે 31મી માર્ચ 2022 સુધીમાં રકમ ચૂકવશે તો 100% વ્યાજ–દંડ–વોરંટ ફી–નોટિસ ફી આપવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પ્રથમ રાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા સંયોજક (NMSC) : શ્રી જી. અશોક કુમાર



દેશની દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી વાઈસ એડમિરલ (નિવૃત્ત) શ્રી જી. અશોક કુમારને દેશના પ્રથમ રાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા સંયોજક (National Maritime Security Co-Ordinator-NMSC) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- 26/11ના આતંકવાદી હુમલા બાદ ભારત દરિયાઈ સુરક્ષાને વધારવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે.
- દેશના વિવિધ સંરક્ષણ હિતધારકો વચ્ચે સુમેળ સુનિશ્ચિત કરવા માટે દેશના હિતોની રક્ષા કરવાના પ્રાથમિક ઉદ્દેશ્ય સાથે આ પગલું લેવામાં આવ્યું હતું.
- વર્ષ 2021માં સુરક્ષા કેબિનેટ સમિતિએ આ પોસ્ટની રચના માટે મંજૂરી આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## NMSCના કાર્યો

NMSC રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સાથે નજીકથી કામ કરે છે, જેનું નેતૃત્વ શ્રી અજીત ડોભાલ (NSA) કરે છે.

- NMSCને દેશના કેન્દ્રશાસિત પ્રદેશો અને દરિયાકાંઠાના રાજ્યોમાં કોસ્ટગાર્ડ, ભારતીય નૌકાદળ અને અન્ય વિવિધ સુરક્ષા એજન્સીઓ સાથે સંકલન કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે.
- જે દરિયાઈ અને દરિયાકાંઠાની સુરક્ષા પૂરી પાડવામાં સામેલ છે.

નોંધ : (1) વાઈસ એડમિરલ (નિવૃત્ત) શ્રી જી. અશોક કુમારે દેશના 35મા વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ તરીકે સેવા આપી હતી.

(2) તેમણે વર્ષ 2019માં આ પદ સંભાળ્યું હતું અને જુલાઈ 2021 સુધી સેવા આપી હતી.

# ગાંધીનગરમાં 'DefExpo 2022' યોજાશે

ગુજરાતના ગાંધીનગર ખાતે 10થી 13 માર્ચ દરમિયાન એશિયાનું સૌથી મોટું સંરક્ષણ પ્રદર્શન 'DefExpo-2022'નું આયોજન કરવામાં આવશે.

- 'DefExpo પ્રદર્શન એ સંરક્ષણ ઉત્પાદન ઉદ્યોગ માટે ભારતની દ્વિવાર્ષિક ઈવેન્ટ છે.
- અત્યાર સુધીમાં 900થી વધુ સંરક્ષણ કંપનીઓ અને 55 દેશોએ આ ઈવેન્ટમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરી છે.
- ભારતના મુખ્ય સંરક્ષણ પ્રદર્શનનું ધ્યાન દેશને ઉભરતા સંરક્ષણ ઉત્પાદન હબ તરીકે રજૂ કરવાનો છે.
- આ દ્વિવાર્ષિક કાર્યક્રમમાં ભાગ લેનાર 900 પ્રતિભાગીઓમાંથી 100થી વધુ વિદેશી છે.
- આ કાર્યક્રમ દરમિયાન લોકો માટે ડ્રોન શોનું આયોજન કરવામાં આવશે, જેમાં 1000 ડ્રોન ડિસ્પ્લે પ્રદર્શનની વિશેષતા હશે.
- આ ઉપરાંત ભારતીય નૌકાદળ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પ્રેક્ષકોને તેની કેટલીક સંપત્તિ અને ક્ષમતાઓ પણ પ્રદર્શિત કરશે.

## DefExpo 2022ની થીમ

DefExpo 2022ની થીમ 'Celebrating 75 years of India's Independence' છે.

- એટલે કે 'ભારતની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી' છે.
- બીજી બાજુ એક્સ્પો માટેનો મુખ્ય ઉદ્દેશ 'Path to Pride' (ગૌરવનો માર્ગ) છે.

## ઉદ્દેશ્ય

DefExpo 2022 ભારતના સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગના વિકાસને દર્શાવવાના ઉદ્દેશ્ય સાથે યોજવામાં આવશે.

- DefExpo એ પણ દર્શાવશે કે કેવી રીતે સરકાર દ્વારા નીતિગત હસ્તક્ષેપોએ સ્થાનિક ખેલાડીઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરી છે.

નોંધ : (1) DefExpo સાથે બીજો ભારત–આફ્રિકા સંરક્ષણ સંવાદ પણ યોજાશે. આ સંવાદ DefExpo 2020 દરમિયાન શરૂ કરવામાં આવ્યો હતો.

(2) આ વર્ષે 52 દેશોને વાતચીત માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

(3) આ અગાઉ વર્ષ 2020માં લખનૌ ખાતે DefExpoનું આયોજન થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં તુર્કીએ તેના દેશનું નામ બદલીને શું રાખ્યું છે ?

(A) તુર્કીયે (B) ટાર્કીશ (C) તુર્કેની (D) ધ તુર્કી વેસ્ટ — (A)

2. તાજેતરમાં કયા રાજ્યએ 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના' શરૂ કરી છે ?

(A) રાજસ્થાન (B) તમિલનાડુ

(C) ગુજરાત (D) મહારાષ્ટ્ર — (C)

3. તાજેતરમાં 'રાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા સંયોજક' (NMSC) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અભિનવ મિશ્રા (B) શ્રી જી. અશોક કુમાર

(C) શ્રી એ. હરિ કુમાર (D) શ્રી વિરેન્દ્ર રામ — (B)

4. નિવૃત્ત વાઈસ એડમિરલ શ્રી જી. અશોક કુમારને પ્રથમ રાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા સંયોજક તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમણે ભારતના કેટલામાં વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ તરીકે સેવા આપી હતી ?

(A) 35મા (B) 39મા (C) 41મા (D) 43મા — (A)

5. DefExpo 2022 કયા સ્થળે યોજાશે ?

(A) દિલ્હી (B) બેંગ્લોર (C) સુરત (D) ગાંધીનગર — (D)

6. સંરક્ષણ પ્રદર્શન DefExpo 2022ની થીમ જણાવો ?

(A) New India defence security

(B) Celebrating 75 years of India's Independence

(C) India : The Emerging Defance manufacturing Hub

(D) defence production in the world — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 ફેબ્રુઆરી, Soil Health Card Day

## બિહારમાં 15 ફેબ્રુઆરીને શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવશે.

તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી શ્રી નીતિશ કુમારે જાહેરાત કરી હતી કે 15 ફેબ્રુઆરી હવે 'શહીદ દિવસ' તરીકે ઉજવવામાં આવશે.

- આજથી 90 વર્ષ પહેલાં મુંગરે જિલ્લાના તારાપુર શહેરમાં (હવે પેટાવિભાગ) બ્રિટિશ પોલીસ દ્વારા માર્યા ગયેલા 34 સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદમાં 15 ફેબ્રુઆરીને 'શહીદ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના જાન્યુઆરી 2021ના મન કી બાત રેડિયો સંબોધનમાં તારાપુર હત્યાકાંડનો ઉલ્લેખ કર્યો હતો.

### તારાપુર હત્યાકાંડ

15 ફેબ્રુઆરી,1932 ના રોજ યુવા સ્વાતંત્ર્ય સેનાનીઓના એક જૂથે તારાપુર થાણા ભવન ખાતે ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાની યોજના બનાવી હતી.

- પોલીસને આ યોજનાની જાણ થઈ હતી અને ઘણા અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા.
- 4000 લોકોના ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો જેમાં એડમિનિસ્ટ્રેશનના એક અધિકારીને ઈજા થઈ હતી.
- જવાબી કાર્યવાહીમાં પોલીસે ભીડ પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.
- લગભગ 75 રાઉન્ડ ફાયરિંગ કર્યા પછી 34 લોકોના મૃત્યુ સ્થળ પર થયા હતા.
- પરંતુ સ્થાનિકો દ્વારા તેમનાથી પણ વધુ મૃત્યુ થયા હોવાનો દાવો કરી રહ્યા છે.
- આ મૃતકોમાંથી 13 લોકોની ઓળખ થઈ શકી હતી.
- લાઠી ચાર્જ તથા ગોળીબાર થયો હોવા છતાં એક સ્વાતંત્ર્ય સેનાની શ્રી ગોપાલસિંહ થાણા ભવન પર ધ્વજ ફરકાવવામાં સફળ રહ્યા હતા.

### વિરોધના તાત્કાલિક કારણો

- 23 ફેબ્રુઆરીના,1931 ના રોજ લાહોરમાં શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરૂને ફાંસી આપવામાં આવી હતી. જેના કારણે સમગ્ર દેશમાં શોક અને આક્રોશની લહેર ફેલાઈ ગઈ હતી.
- ગાંધી–ઈરવીન કરાર રદ થયા બાદ 1932ની શરૂઆતમાં મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.
- કોંગ્રેસને ગેરકાયદેસર સંગઠન જાહેર કરવામાં આવ્યું અને શ્રી જવાહરલાલ નહેરૂ, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને શ્રી રાજેન્દ્ર પ્રસાદને પણ જેલમાં મોકલવામાં આવ્યા હતા.

- સ્વાતંત્રતા સેનાની શ્રી શ્રીકૃષ્ણ સિંહ, શ્રી નેમધારી સિંહ, શ્રી નિરપદ મુખર્જી, શ્રી પંડિત દરશથ ઝા, શ્રી બાસુકીનાથ રાય, શ્રી દીનાનાથ સહાય અને શ્રી જૈમંગલ શાસ્ત્રીની મુંગેરમાં ધરપકડ કરવામાં આવી હતી.
- સરકારી ઈમારતો પર ત્રિરંગો ફરકાવવાના કોંગ્રેસના નેતા સરદાર શાર્દુલ સિંહ કવિસ્વારના આહવાનનો પડઘો તારાપુરમાં પડ્યો હતો.

## નેપાળ ભારતનું UPI પ્લેટફોર્મ અપનાવનાર પ્રથમ દેશ

નેપાળ ભારતની UPI સિસ્ટમને અપનાવનાર વિશ્વનો પ્રથમ દેશ હશે.

- જે નેપાળની અર્થવ્યવસ્થાને ડિજિટાઈઝ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.
- નેપાળમાં સેવાઓ આપવા માટે NPCIની આંતરરાષ્ટ્રીય શાખા NPCI International Payments Ltd (NIPL)એ મનમ ઈન્ફોટેક અને ગેટવે પેમેન્ટ્સ સર્વિસ (GPS) સાથે ભાગીદારી કરી છે.
- ગેટવે પેમેન્ટ્સ સર્વિસ (GPS) નેપાળમાં અધિકૃત પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર છે.
- અને મનમ ઈન્ફોટેક ત્યાં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) લાગુ કરશે.
- NPCI અનુસાર આ સહયોગ નેપાળમાં ઈન્ટરઓપરેબલ રીઅલ– ટાઈમ પર્સન– ટુ– મર્ચન્ટ (P2M) અને વ્યક્તિ–થી–વ્યક્તિ (P2P) વ્યવહારોને મજબૂત કરીને નેપાળના લોકોને લાભ કરશે.




**1.** 'Soil Health Card day' કયા દિવસના રોજ ઉજવવામાં આવે છે ?

(A) 18 ફેબ્રુઆરી (B) 19 ફેબ્રુઆરી

(C) 20 ફેબ્રુઆરી (D) 21 ફેબ્રુઆરી (B)

**2.** કયા રાજ્યમાં 15 ફેબ્રુઆરીને હવે 'શહીદ દિવસ' તરીકે ઉજવવામાં આવશે ?

(A) બિહાર (B) ઉત્તરપ્રદેશ

(C) મધ્યપ્રદેશ (D) ગુજરાત (A)

**3.** તારાપુર હત્યાકાંડ બનાવ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) બિહાર (B) ઉત્તરપ્રદેશ

(C) મહારાષ્ટ્ર (D) ઝારખંડ (A)

**4.** બ્રિટિશ કાળ દરમિયાન કયા વર્ષે તારાપુર હત્યાકાંડ બનાવ બન્યો હતો. જેમાં બ્રિટિશ પોલીસ દ્વારા 34 નિર્દોષ લોકોને માર્યા હતા ?

(A) 15 ફેબ્રુઆરી, 1929 (B) 15 ફેબ્રુઆરી, 1930

(C) 15 ફેબ્રુઆરી, 1931 (D) 15 ફેબ્રુઆરી, 1932 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **રાજ્યની બે નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો માટે મુખ્યમંત્રીશ્રીની સૈધ્ધાંતિક મંજૂરી**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નગરો–મહાનગરોમાં આગવી ઓળખના કામો માટે ગ્રાન્ટ–ભંડોળ આપવાનો અભિગમ અપનાવ્યો છે. આ અંતર્ગત સુરેન્દ્રનગર–દૂધરેજ વઢવાણ નગરપાલિકામાં આગવી ઓળખના કામ અન્વયે રિવરફ્રન્ટની દરખાસ્તમાં વિવિધ કામો માટે રજૂ થયેલી શહેરી વિકાસ વિભાગની દરખાસ્તને અનુમોદન આપીને રૂ. 3 કરોડ 90 લાખના કામને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. આ ઉપરાંત કલોલ નગરપાલિકાને તળાવ બ્યૂટિફિકેશન માટે રૂ. 2 કરોડ 95 લાખના કામો હાથ ધરવાની પણ સૈધ્ધાંતિક મંજૂરી આપી છે.

## ભારત

➤ **ભારત અને WEP અફઘાનિસ્તાનને ઘઉંની સપ્લાય કરશે.**

તાજેતરમાં ભારતે 50,000 મેટ્રિક ટન ઘઉંના વિતરણ માટે સંયુક્ત રાષ્ટ્ર વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WEP) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે માનવતાવાદી સહાયના ભાગરૂપે અફઘાનિસ્તાન મોકલવામાં આવશે. વર્ષ 2020માં પણ ભારતે કોવિડ– 19 પડકારનો સામનો કરવા માટે દવાઓ, અન્ય સાધનો અને 75,000 ટન ઘઉં અફઘાનિસ્તાન મોકલ્યા હતા. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WEP) એ એક અગ્રણી માનવતાવાદી સંસ્થા છે જે કટોકટીમાં જીવન બચાવવા માટે ખોરાક સહાય પૂરી પાડે છે અને પોષણસ્તર સુધારવા માટે સમુદાયો સાથે કામ કરે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા અને FAO દ્વારા વર્ષ 1961માં તેમની સ્થાપના કરવામાં આવી હતી. તેનું મુખ્ય મથક ઈટાલીના રોમ ખાતે આવેલું છે.

➤ **ભારતે કિરીબાતીમાં કોવિડ સહાય મોકલી**

કિરીબાતીએ Covid-19ના પ્રથમ પ્રકોપનો સામનો કરવા માટે મદદ માંગી તે પહેલા ભારતે 13 ફેબ્રુઆરી, 2022ના રોજ કિરીબાતીને તબીબી પુરવઠો પહોંચાડયો હતો. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર માલસામાનમાં કટોકટી Covid-19 દવા, પલ્સ ઓક્સિમીટર અને PPE કીટનો સમાવેશ થાય છે. કિરીબાતીએ મધ્ય પેસેફિક મહાસાગરમાં એક સ્વતંત્ર રાષ્ટ્ર ટાપુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ક્વાડના વિદેશ મંત્રીઓની ચોથી બેઠક

તાજેતરમાં ક્વાડ જૂથ (ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન)ના વિદેશ મંત્રીઓની ચોથી બેઠક ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં યોજાઈ હતી. આ બેઠકમાં ક્વાડ ગ્રુપની રચના પછી પ્રથમ વખત મુંબઈમાં 26/11ના આતંકવાદી હુમલા અને પઠાણકોટ એરબેઝ હુમલા માટે ન્યાયની માંગ કરવામાં આવી હતી. આ બેઠકમાં 2022ના અંત સુધીમાં ભારતમાં ઉત્પાદિત ઓછામાં ઓછી એક અબજ રસીઓ અને વૈશ્વિક સ્તરે 1.3 બિલિયન રસીના ડોઝનું ઈન્ડો–પેસેફિક દેશોમાં વિતરણ કરવા માટે ફ્લેગશિપ ક્વાડ વેક્સિનેસન ઈનિશિયેટિવ માટે નવી પ્રતિબધ્ધતાઓ કરવામાં આવી હતી.

## ➤ સીડ (SEED) યોજના

તાજેતરમાં DNTsના આર્થિક સશક્તિકરણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા 'DNTs'ના આર્થિક સશક્તિકરણ માટે 'સીડ યોજના' (Scheme for Economic Empowerment of DNTs- SEED) શરૂ કરવામાં આવી છે. આ યોજના આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, નવી દિલ્હી ખાતે DNTsના કલ્યાણ માટે શરૂ કરવામાં આવી છે. DNTsનું પૂરું નામ 'De-Notified, Nomedic and Semi Nomedic' છે. વર્ષ 2021-22થી વર્ષ 2025-26 સુધીના 5 વર્ષના સમયગાળા માટે આ યોજનાનો કુલ ખર્ચ લગભગ 20 કરોડ છે. આ યોજના એક પોર્ટલ દ્વારા લાગુ કરવામાં આવશે, જે સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સુશ્રી કલા રામચંદ્રન ગુરુગ્રામના પ્રથમ મહિલા પોલીસ કમિશનર

હરિયાણા કેડરના IPS અધિકારી સુશ્રી કલા રામચંદ્રનની ગુરૂગ્રામના પ્રથમ મહિલા પોલીસ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. સુશ્રી કલા રામચંદ્રન અગાઉ રેવાડી, ફતેહબાદ અને પંચકુલા જિલ્લામાં પોલીસ અધિક્ષક તરીકે કામ કરી ચૂક્યા છે. આ ઉપરાંત તેમણે વર્ષ 2017 થી 2020 સુધી મેઘાલયમાં નોર્થ ઈસ્ટર્ન પોલીસ એકેડેમીનું નેતૃત્વ કર્યુ હતું.

## ➤ મુંબઈમાં વોટર ટેક્સીનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું

તાજેતરમાં મુંબઈ અને નવી મુંબઈ વચ્ચે વોટર ટેક્સી સેવાનું ઉદ્દ્ઘાટન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરે કર્યુ હતું. વોટર બસ અથવા વોટર ટેક્સીએ એક પ્રકારનું વોટરક્રાફ્ટ છે જેનો ઉપયોગ શહેરી વિસ્તારોમાં ખાનગી અથવા જાહેર પરિવહન પ્રદાન કરવા માટે થાય છે. સાગરમાલા કાર્યક્રમ હેઠળ ભંડોળ પૂરું પાડવામાં આવેલ આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. 8.87 કરોડનો છે.

- **ટુ વ્હીલર પર બાળકો માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે નિયમોના નવા સેટને સૂચિત કર્યા છે. આ અંતર્ગત 4 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ટુ–વ્હીલરમાં લઈ જતી વખતે હેલ્મેટ અને સેફટી વેસ્ટ પહેરવા આવશ્યક છે. નવા નિયમો અનુસાર 4 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને લઈ જતી મોટરસાઈકલની સ્પીડ 40 કિમી./કલાક સુધી સીમિત કરવામાં આવી છે. બાળકોએ સલામતી વેસ્ટ પણ પહેરવી જોઈએ જે તેમને ડ્રાઈવર સાથે જોડે છે.

## વિશ્વ

- **પાર્કર સોલર પ્રોબે શુક્રની સપાટીની તસ્વીરો લીધી**

નાસાના પાર્કર સોલર પ્રોબે અવકાશમાંથી શુક્રની સપાટીની પ્રથમ દશ્યમાન પ્રકાશની તસ્વીરો લીધી હતી. શુક્રની સપાટી સામાન્ય રીતે ગાઢ વાદળોથી ઢંકાયેલી હોય છે. પરંતુ તાજેતરની બે ફલાયબાયમાં પાર્કર સોલર પ્રોબે તેના વાઈડ–ફીલ્ડ ઈમેજર (WISPR)નો ઉપયોગ તસવીરો લેવા માટે કર્યો હતો. ખંડીય પ્રદેશો, ઉચ્ચપ્રદેશો અને મેદાનો જેવી વિશિષ્ટ વિશેષતાઓને હાઈલાઈટ કરીને સપાટી પરથી ઝાંખુ ચમક દર્શાવતી છબીઓને એક વીડિયોમાં જોડાવામાં આવી હતી. શુક્રની આવી તસ્વીરો વૈજ્ઞાનિકોને શુક્રની સપાટીની ભૂસ્તરશાસ્ત્ર, જ્યાં તેમાં રહેલા ખનિજો અને તેની ઉત્ક્રાંતિ વિશે વધુ જાણવામાં મદદ કરશે. પાર્કર સોલર પ્રોબ વર્ષ 2018માં સૂર્યના બાહ્ય કોરોનાનો અભ્યાસ કરવા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- **કેનેડાએ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી**

14 ફેબ્રુઆરી, 2022ના રોજ કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડોએ Covid આરોગ્ય નિયમો સામેના વિરોધને સમાપ્ત કરવા માટે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી હતી. યુનાઈટેડ સ્ટેટ્સની સરહદને અવરોધિત કર્યા પછી કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી હતી. કેનેડાના ઈતિહાસમાં આ માત્ર બીજી વખત છે કે શાંતિકાળમાં આવી શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હોય.

- **શ્રી બિલ ગેટ્સને હિલાલ-એ-પાકિસ્તાન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે**

માઈક્રોસોફટના સ્થાપક શ્રી બિલ ગેટ્સને પાકિસ્તાનમાં પોલિયોને નાબૂદ કરવામાં મદદ કરવાના તેમના પ્રયાસો બદલ 'હિલાલ–એ–પાકિસ્તાન'થી સન્માનિત કરવામાં આવશે. તે પાકિસ્તાનનો બીજો સૌથી નાગીરક પુરસ્કાર છે. બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન વૈશ્વિક પોલિયો નાબૂદી માટે મુખ્ય દાતા છે. બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન અમેરિકન ખાનગી ફાઉન્ડેશન છે.

## ICE ? Questions

- તાજેતરમાં રાજ્યની કઈ બે નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી વિકાસ યોજનાના કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે ? – સુરેન્દ્રનગર–દૂધરેજ
- તાજેતરમાં **NASA**ના કઈ અવકાશયાને શુક્રની સપાટીની તસ્વીરો લીધી હતી ? – પાર્કર સોલર પ્રોબ
- અફઘાનિસ્તાનમાં ઘઉંની સપ્લાય કરવા માટે ભારતે કોની સાથે કરાર કર્યા છે ? – **WEP**
- ભારતે તાજેતરમાં મધ્ય પેસેફિક મહાસાગરના કયા ટાપુને **COVID** સહાય મોકલી છે ? – કિરીબાતી
- તાજેતરમાં કયા દેશે કોવિડ-19 નિયમોના વિરોધને સમાપ્ત કરવા માટે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે ? – કેનેડા
- ક્વાડના વિદેશ મંત્રીઓની તાજેતરમાં કેટલામી બેઠક મળી હતી ? – ચોથી
- તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા 'સીડ' (**SEED**) યોજના શરૂ કરવામાં આવી છે ? – સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રાલય
- તાજેતરમાં ગુરૂગ્રામના પ્રથમ મહિલા પોલીસ કમિશનર કોણ બન્યું છે ? – સુશ્રી કલા રામચંદ્રન
- તાજેતરમાં કયા શહેરમાં વોટર ટેકસીનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ? – મુંબઈ
- તાજેતરમાં ટુ–વ્હીલર પર બાળકો માટેના નવા નિયમો જાહેર કર્યા છે. આ અંતર્ગત કેટલા વર્ષથી નીચેના બાળકોને ટુ–વ્હીલરમાં લઈ જતી વખતે હેલ્મેટ અને સેફટી વેસ્ટ પહેરાવા આવશ્યક છે ? – 4
- તાજેતરમાં બિલ ગેટ્સને હિલાલ–એ–પાકિસ્તાન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આ એવોર્ડ પાકિસ્તાનનો કેટલામો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે ? – બીજો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. કઈ સંસ્થાએ 'જીવા' (JIVA)નામનો કૃષિ પારિસ્થિતિકી કાર્યક્રમ શરૂ કર્યો છે ? – નાબાર્ડ

2. સિક્યોરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SPMCIL) કઈ સંસ્થાના નેજા હેઠળ કામ કરે છે ? – નાણા મંત્રાલય

(SPMCIL એ સરકારી પ્રિન્ટિંગ અને મિન્ટિંગ એજન્સી છે. તે નાણા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. તાજેતરમાં તેમના 17માં સ્થાપના દિવસના અવસર પર નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને પંચતંત્ર પર પ્રથમ રંગીન સ્મારક સિક્કો લોન્ચ કર્યો હતો.)

3. NCRB મુજબ કયા ભારતીય રાજ્યમાં 'વિચ હન્ટિંગ' હેઠળ સૌથી વધુ હત્યાઓ થાય છે ? – ઝારખંડ

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઝિનજિયાંગ પ્રદેશ' કયા દેશમાં આવેલ છે ? – ચીન

5. 14 ફેબ્રુઆરી, 2022ના રોજ ભારતે કેટલી ચાઈનીઝ એપ પર પ્રતિબંધ મુક્યો હતો ? – 54

6. લ્યુક મોન્ટાગ્નિયર જેનું તાજેતરમાં અવસાન થયું હતું. તેમણે કઈ શોધ માટે મેડિસનમાં નોબેલ પુરસ્કાર જીત્યો હતો ? – હ્યુમન ઈમ્યુનોડેફિસિયન્સી વાયરસ

7. પોલ–હેનરી સેન્ડગો દામિબા કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – બુર્કિના ફાસો

8. તાજેતરમાં કયા રાજ્યએ ગાંજાની ખેતી નાબૂદ કરવા માટે 'ઓપરેશન પરિવર્તન' શરૂ કર્યુ છે ? – આંધ્રપ્રદેશ

9. તાજેતરમાં નેપાળના કયા ન્યાયાધીશ પર મહાભિયોગ કરવામાં આવ્યો હતો ? – શ્રી ચોલેન્દ્ર શમશેર રાણા

10. 'મેદારામ જાતરા' (Medaram Jatara) એ ભારતના કયા રાજ્યમાં ઉજવવામાં આવતો મેળો છે ? – તેલંગાણા

11. તુર્કીશ એરલાઈન્સના ભૂતપૂર્વ ચેરમેન ઈલ્કર અયસીને કઈ ભારતીય એરલાઈન્સના MD અને CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – એર ઈન્ડિયા

12. કયા કેન્દ્રીય મંત્રાલયે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે 'ન્યૂ ફ્રન્ટિયર્સ' (New Frontiers) કાર્યક્રમ શરૂ કર્યો છે ? – નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રમલય

13. 'રાષ્ટ્રીય નદી લિન્કિંગ નીતિ' (National River Interlinking Policy) હેઠળ સ્થપાયેલી પ્રથમ સંસ્થા કઈ છે ? – કેન–બેતવા લિંક પ્રોજેક્ટ ઓથોરિટી

14. કયા દિવસને 'ઈન્ટરનેશનલ એપીલેપ્સી ડે' (IED) તરીકે ઉજવવામાં આવે છે ? – દર વર્ષે ફેબ્રુઆરીના બીજા સોમવારને

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15.** કેન્દ્રીય બજેટ **2022-23**માં 'પ્રધાનમંત્રી આવાસ યોજના' **(PMAY)**નો ખર્ચ કેટલો છે ? – રૂ. **48,000** કરોડ

**16.** તાજેતરમાં ચર્ચામાં રહેલ પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે ?

– ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ

**17.** કયા કેન્દ્રીય મંત્રાલય અથવા સંસ્થાએ 'ભારતમાં સંગ્રહાલયોની પુન : કલ્પના' **(Reimagining Museumes in India)** પર વૈશ્વિક સમિટનું આયોજન કર્યુ હતું ? – સંસ્કૃતિ મંત્રાલય

(સંસ્કૃતિ મંત્રાલયે ફેબ્રુઆરી **2022** મહિનામાં 'ભારતમાં સંગ્રહાલયોની પુનઃ કલ્પના' પર બે દિવસીય વૈશ્વિક સમિટનું આયોજન કર્યુ હતું. આ સમિટનું આયોજન આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.)

**18.** ______ભારતીય રેલવેની સૌથી લાંબી ટનલ હશે. – **T- 49**

(**15** ફેબ્રુઆરી, **2022**ના રોજ ભારતીય રેલવેએ ઉધમપુર–શ્રીનગર–બારામુલ્લા રેલ લિંક **(USBRL)** પ્રોજેક્ટ હેઠળ **T-49**ની મુખ્ય અને સૌથી લાંબી ટનલ ઉંમેરી છે. **T-49** ટનલ **USBRL** પ્રોજેક્ટના કટારા–બનિહાલ વિભાગના સુંબર અને અર્પિંચલા સ્ટેશન વચ્ચે છે. જે ભારતીય રેલવેની સૌથી લાંબી ટનલ બનવા જઈ રહી છે.)

**19.** તાજેતરમાં કયા આફ્રિકન દેશે પોલિયો ફાટી નીકળવાની જાહેરાત કરી છે ? – મલાવી

(આફ્રિકન દેશ મલાવીએ તાજેતરમાં એક નાના બાળકમાં કેસની ઓળખ બાદ પોલિયોનો ફેલાવો જાહેર કર્યો છે.)

**20.** છઠ્ઠી આફ્રિકન યુનિયન–યુરોપિયન યુનિયન સમિટ કયાં યોજાઈ હતી ? – બ્રુસેલ્સ

**21.** પ્લાસ્ટિક પેકેજીંગના સંદર્ભમાં **EPR**નો અર્થ શું છે ? – વિસ્તૃત નિર્માતાની જવાબદારી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP

joinicerajkot.com

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT